# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
## PRESS NOTE

10553

**Date: 12/8/2021**

**Sub: Insurance Task Force of GCCI held an interactive program with United India Insurance Company Limited**

On 12/08/2021, Insurance Task Force of GCCI held an interactive program with United India Insurance Company Limited. Shri Angroop Sonam, General Manager, United India Insurance Company Limited was present as the Chief Guest in the program.

In his welcoming address, Shri Natubhai Patel, President, said that it is important to create an awareness and educate especially MSMEs about the important points to be kept in mind while insuring assets and exports. He also suggested to organize seminar with United India Insurance Company Limited and members of GCCI with focus on different types of insurance i.e.Fire, Marine etc.

Mr. Nileshbhai Desai, Chairman, Insurance Task Force, GCCI shared objective of this interactive program and informed about various insurance services of GCCI during the pandemic.

Shri S.K. Singh, Deputy General Manager, United India Insurance Company Limited gave introduction of Shri Angroop Sonam as the Chief Guest.

Mr. Angarup Sonam said in his statement that insurance is a business of trust and assurance and United India Insurance Company is maintaining this legacy. He assured that for any insurance related problems members may contact him directly as they are accessible and approachable at all times.

The event was attended by representatives of various insurance companies and trade and industry.

The program was concluded with a Vote of Thanks by Shri K.I Patel, Vice President, GCCI.

---

**To,**
**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

પ્રેસ નોંધ 10853

**તારીખ: 12/8/2021**

## વિષય: જીસીસીઆઈની ઇન્સ્યોરન્સ ટાસ્ક ફોર્સનો યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ સાથે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમ

તા.12/08/2021 ના રોજ જીસીસીઆઈની ઇન્સ્યોરન્સ ટાસ્ક ફોર્સ એ યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ સાથે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમ રાખ્યો હતો.જેમાં મુખ્ય અતિથિ તરીકે યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ ના જનરલ મેનેજર શ્રી અંગરૂપ સોનમ હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં ચેમ્બરના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલે મહેમાન મુખ્ય અતિથિ નું સ્વાગત કરતા જણાવ્યું હતું કે MSMEsને પોતાની મિલકતો અને એક્ષપોર્ટ માટે લેવાતા ઇન્સ્યોરન્સ અંગે જાગૃતિ લાવવાની ઘણી જરૂર છે.તેમણે યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ અને GCCI ના સભ્યો સાથે વિવિધ પ્રકારના વીમા એટલે કે ફાયર, મરીન વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરીને સેમિનારનું આયોજન કરવાનું પણ સૂચન કર્યું હતું

જીસીસીઆઈની ઇન્સ્યોરન્સ ટાસ્ક ફોર્સના ચેરમેન શ્રી નિલેશભાઈ દેસાઈએ આ ઇન્ટરેક્ટિવ પ્રોગ્રામનો ઉદ્દેશ જણાવ્યો હતો અને કોવીડ -19 મહામારી રોગચાળા દરમિયાન GCCI દ્વારા કરવામાં આવેલ વિવિધ વીમા સેવાઓ વિશે જણાવ્યું હતું.

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી એસ. કે .સિંહ એ મુખ્ય અતિથિ શ્રી અંગરૂપ સોનમનો પરિચય આપ્યો હતો.

શ્રી અંગરૂપ સોનમએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે વીમો વિશ્વાસ અને ખાતરીનો વ્યવસાય છે અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની આ વારસો જાળવી રહી છે. તેમણે ખાતરી આપી કે કોઈપણ વીમા સંબંધિત સમસ્યાઓ માટે સભ્યો તેમનો સીધો સંપર્ક કરી શકે છે કારણ કે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની હંમેશા સુલભ અને સરળ સેવાઓ પુરી પાડે છે.

આ કાર્યક્રમમાં વિવિધ વીમા કંપનીઓ અને વેપાર અને ઉદ્યોગના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
અંતમાં જી.સી.સી.આઈ.ના ઉપપ્રમુખ શ્રી કે.આઈ.પટેલ એ આભારવિધિ કરી ને કાર્યક્રમ પૂર્ણ કર્યો હતો.

---

**તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર**
**ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી**

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ